# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૭ • તા. ૧૭ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન યોજાયું



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy Makar Sankranti
Happy Pongal
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુઃખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિઃસ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

– જ્ઞાતિમૈયા

# મહાનગર મુંબઈનો મિજાજ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના સમયે ગામડાઓ તૂટી રહ્યાં છે અને શહેરો વસતીથી ફાટફાટ થતાં જાય છે. ગામની શેરીઓ સૂની થતી જાય છે અને શહેરોની સીમા વિસ્તરતી જાય છે. નાના નગર મહાનગર બનતા જાય છે. ગામડાઓમાં જીવન શાંત અને સરળ હોય છે. કમાઈ ઓછી પણ જીવવાના કારણ વધુ હોય છે. પર્યાવરણ શુધ્ધ, હવા આરોગ્યપ્રદ, ખોરાક પાણીમાં સાત્વિકતા હોય છે. એ ખરું છે કે નાના નાના ગામડાઓના બાળકો વધુ ભણતર મેળવવા શહેર તરફ દોટ મૂકે છે. જ્યારે પરિવારના મોભી વડીલો વધુ કમાણીની આશા લઈ શહેર તરફ મોંઢું કરે છે.

મહાનગરની મોજ અને મસ્તી અલગ હોય છે. મુંબઈ, દિલ્હી, કોલકતા, ચેન્નાઈ અને બેંગ્લોર જેવા મેટ્રો પોલિટિન સિટીની સાથો સાથ હૈદ્રાબાદ અમદાવાદ, પૂણે, સુરત, વડોદરા જેવા શહેરો પણ આ રેસમાં જોડાવવાને તબક્કે છે. દેશના ગામ, નગર, શહેરનો વહીવટ, સંચાલન માટે પંચાયત નગર પરિષદ નગરપાલિકા, મહાનગરપાલિકા જેવી ચડ ઊતર સંરચનાઓની વ્યવસ્થા છે. મુંબઈ મહાનગર ૬૦૩ ચોરસ કિલોમીટરમાં ૧.૩૫ કરોડ વસ્તીને સાચવી બેઠું છે. પરિસરના નવી મુંબઈ અને થાણે શહેરને જોડીએ તો લગભગ ૨ કરોડની વસ્તી ગણી શકાય. પૂર્વકાળમાં મૂળ ૭ ટાપુઓ કોલાબા, મજગાંવ, માહિમ, પરેલ, વરલી, ડોંગરી અને મલબાર હિલ વિસ્તારના હતા.

૧૫મી શતાબ્દીમાં અહીં પોર્ટુગીઝો રાજ કરતાં હતાં. જેમણે કિલ્લાઓ અને ચર્ચો બનાવ્યાં હતાં. ૧૬૬૧માં પોર્ટુગીઝ રાજકુમારીના લગ્નના દહેજમાં આ ટાપુઓ અંગ્રેજોને બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને સોંપાયા. તેની સાથે સાત ટાપુઓની શકલ બદલવી શરૂ થઈ. આજે માયાનગરી સપનાનું શહેર, દેશની આર્થિક રાજધાની, સદૈવ જાગતા શહેર તરીકેની ઓળખ ધરાવે છે.

મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી અને અહીં રોટલો મળે પણ ઓટલો નહીં. આ કથન અહીં જીવાતી જિંદગીનો અરીસો દર્શાવે છે. લોકલ ટ્રેનને આ શહેરના લાઈફ લાઈન કહેવાય છે તો બેસ્ટ વિભાગની લાલ બસો, મેટ્રો લાઈનના જાળા અને મોનોરેલની સગવડની સાથોસાથ દરિયાકાંઠા ખાડીમાં ફેરી શરૂ કરી લોકોને સગવડ આપવાની યોજના આગળ વધી રહી છે. અગવડ વચ્ચે જીવીને મુંબઈગરો હર ફિકને ધુંઆમાં ઉડાડી મૂકે છે. કારણ કે સગવડોને ઓફિસ બેગમાં ભરીને જીવે છે તો તકલીફોને લોકલ ટ્રેનમાં ટિંગાડી રાખે છે. સવારના લૂસ લૂસ ખાઈને રેલવે સ્ટેશન જવા દોટ મૂકતો મુંબઈગરો રસ્તામાં આવતા મંદિર, દેરાસર સામે માથું નમાવી દર્શન કરવાનું સુખ અને ધર્મ, ભક્તિ કર્યાનું પુણ્ય પ્રાપ્ત કરી લે છે. ફાટફાટ ભરેલી રોજની નક્કી થયેલ લોકલ ટ્રેનના નિર્ધારીત કોચમાં ચડવાનો સફળ વ્યાયામ તેનો ભાગ્ય છે. જેને તે આસાનીથી પૂરો કરી કોચના રોજિંદા ચિરપરિચિત મિત્રોની સાથે અલકમલકની વાતો કરી મહેફિલ જમાવી રોજે રોજે રીચાર્જ પોતાને કરી લે છે.

કિસ્મત કી હવા કભી નરમ કભી ગરમ. એનો મર્મ મુંબઈગરો ભરપૂર સમજે છે. તેથી જ તો નાનકડી રૂમમાં રહેતા કોઈ પરિચિત તરફ સુગાળવું મોં નથી રાખતો કારણ કે એ પોતે આ ભૂતકાળમાંથી પસાર થઈ ચૂક્યો હોય છે. ઉલ્હાસનગર, અંબરનાથ, કે ડોંબિવલીમાં દાયકાઓ ગુજાર્યા પછી મુલુંડમાં રહેવું તેના માટે વૈભવ જેવું છે. સી ફેસ બિલ્ડિંગના આલીશાન ફ્લેટનો માલિક ઊંઘના અભાવે પડખાં ઘસે છે તો એજ બિલ્ડિંગની બહાર ફૂટપાથ પર રહેનારો ઠંડી હવામાં ઠુઠવાતો હોવા છતાં ઘસઘસાટ બાદશાહી ઊંઘની મજા અને મોજ માણે છે. એ કોઈને ફરિયાદ કરતો નથી. આ મિજાજ સમગ્ર મુંબઈગરાઓનો છે એ જરૂરી કહી શકાય.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન યોજાયું



સાંસ્કૃતિક કાર્યક્રમ – તહેવારોના કલાકારો



પખાવાજ કલાકારો



દીપક ડાઘા દ્વારા જિનાલયના શત રજત મહોત્સવ માહિતી

શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન રવિવાર, તા. ૧૧ જાન્યુઆરીના જૈનમ હોલ, ભાડુંપ મુકામે વાર્ષિક સામાન્ય સભા બાદ યોજાયેલ. જેમાં ૨૦૦+ જેટલા વરાડીયા વતનીઓ તથા નિયાણીબેનો પરીવારજનોની હાજરી રહેલ.

વરાડીયાના ૧૧ માંથી ૯ ટ્રસ્ટીઓ તથા મેનેજિંગ ટ્રસ્ટી તથા મહાજન પ્રમુખ શ્રી તિલકચંદ કરમચંદ વિકમશીની નાદુરસ્ત તબિયતને કારણે એમના ભાઇ મહેન્દ્રભાઈ કરમચંદ વિકમશી ઉપસ્થિત હતા. તેમણે સ્નેહમિલનનું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું.

સામૂહિક નવકાર સ્મરણ બાદ સૌ. આશા દીપક ડાઘા, સૌ. કુંજલ કિરીટ મોમાયા તથા સૌ. દિવ્યા હેનિલ અજાણીએ સ્વાગત ગીત રજૂ કરેલ.

સેક્રેટરી પદમ લાલજી લોડાયા એ સૌનું સ્વાગત કરેલ. સમારંભ પ્રમુખ મહેન્દ્રભાઈ વિકમશી એ પ્રાસંગિક શુભેચ્છા આપેલ.

ગત જુલાઇ ૨૦૨૫ માં વરાડીયામાં ૨૪ રૂમવાળા નવા અદ્યતન અતિથિગૃહનું બાંધકામ શરૂ થયું છે. જેની ટ્રસ્ટી નલિન રતનશી ડાઘાની દેખરેખ હેઠળ થયેલ પ્રગતિનો અહેવાલ ટ્રસ્ટી હેમાંગ મણીકાન્ત મોમાયા એ આપેલ અને સાથે સાથે તબક્કાવાર પ્રગતિ એલ.ઇ.ડી.સ્ક્રીન પર બતાવવામાં આવેલ.

નૂતન અતિથિગૃહ ના અદ્યતન ૨૪ રૂમમાંથી ૨૧ રૂમના દાતા સૌજન્ય મળી ગયા છે. ગ્રાઉન્ડ ફ્લોર પર બે રૂમ ( નકરો રૂ. ૭.૫૧ લાખ) તથા પહેલા માળે એક રૂમ ( નકરો રૂા. ૫.00 લાખ) બાકી છે. ઉપરાંત ૨૦+ સહયોગી દાતા (નકરો રૂા. ૨.૫૧ લાખ) આવકાર્ય છે.

સન ૨૦૨૭ માં વરાડીયાના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય ના ૧૨૫ વર્ષ-સવા શતાબ્દી/શત રજત મહોત્સવ ઉજવવા દીપક ગંગાજર ડાઘા એ સ્વરચિત ગીતના માધ્યમથી આવાહન કરેલ અને જિનાલયની પ્રતિષ્ઠા (૧૯03), હિરક મહોત્સવ (૧૯૬૫) તથા શતાબ્દી મહોત્સવ (૨003) ની માહિતી આપેલ.

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન યોજાયું




**સમારંભ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વિકમશી**

મહાજનની માલિકીની આયંબિલ વાડીના પ્લોટ તથા તેની બાજુમાં આવેલ બે પ્લોટ જે શા. પદમશી કાનજી મોમાયા તથા મા. રતનબાઈ રાઘવજી કાનજી મોમાયા પરીવારો તરફથી વરાડીયા મહાજનને ભેટ મળેલ છે તેના પર કિફાયતી દરે ફ્લેટ સિસ્ટમ વાળા આવાસ બનાવવાની યોજના વિચારણા હેઠળ છે.

વરાડીયાના વતનીઓ તથા નિયાણીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરેલ.

**વિવિધ તહેવારો**

૫ ગ્રુપ દ્વારા વિવિધ તહેવારો ની ઝાંખી કરાવતા રંગારંગ સ્ટેજ હરીફાઈ પ્રોગ્રામ રજૂ થયેલ જેના નિર્ણાયક તરીકે સૌ. વિરાજ મયૂર મણિકાંત ધુલ્લા (મુલુંડ) ઉપસ્થિત રહેલ. ભાગ લેનાર કલાકારોના નામ નીચે બોક્ષમાં આપેલ છે

પ્રથમ ક્રમાંકે નવરાત્રી તથા બીજા ક્રમાંકે પર્યુષણ ગ્રુપ જાહેર થયેલ. અન્ય ૩ ગ્રુપોએ ઉતરાયણ, ગણેશ ચતુર્થી તથા જન્માષ્ટમી તહેવારો રજૂ કરેલ. દરેક ગ્રુપને ઈનામ આપવામાં આવેલ.

**ગુજરાતી-હિન્દી ગીતો**

વરાડીયાના ૫ કલાકાર-ગૌતમ સોમચંદ દંડ, વિપિન મેઘજી મોમાયા, કિરીટ ધનજી મોમાયા, જિગ્નેશ આણંદજી ડાઘા તથા સૌ. ગીતા દૈલેશ મોમાયા તેમજ એક નિયાણી કલાકાર સૌ. ગીતા નરેશ ધરમશી (દિકરી-મા. હીમાબાઈ લક્ષ્મીચંદ નાગશી મોમાયા) એ સંગીતમય કરાઓકે/ સાઉન્ડ ટ્રેક પર ગુજરાતી- હિન્દી ગીતો રજુ કરેલ.

**પખાવાજ**

અબડાસામા પ્રચલિત પખાવાજ સ્તવનો પદમ લાલજી લોડાયા, દીપક ગંગાજર ડાઘા, સૌ. આશા દીપક ડાઘા, પ્રફૂલ લખમશી મોમાયા, હરીશ ધનજી ડાઘા, પીયૂષ લીલાધર ડાઘા તથા નિલેશ ઠાકરશી ડાઘાએ ગાઈને રંગત જમાવી હતી. વરાડીયાના ઘણા પખાવાજના રસિયાઓ છે અને ચાતુર્માસ-પર્યુષણમાં ભાવના/વરઘોડા/રાત્રી જાગરણમાં અચુક પખાવાજ થાય છે. વર્ષો પહેલા મુંબઈ મહાજન આયોજિત ભાંડુપમાં પખાવાજ સ્પર્ધામાં વરાડીયાનો પ્રથમ ક્રમાંક આવેલ. કચ્છમાં પણ પર્યુષણ બાદ હાલ લગભગ દર વર્ષે કોઈ એક ગામમાં પખાવાજ મંડળો આવે છે તેમાં પણ વરાડીયાવાળા હાજરી આપે છે.

એન્કર તરીકે સૌ. દિવ્યા હેનિલ અજાણી (દિકરી- સૌ. ચેતના શરદ હેમરાજ મોમાયા, હુબલી) તથા ભાવિન પંકજ હેમરાજ મોમાયા એ સેવા આપેલ. તહેવારોના સાંસ્કૃતિક કાર્યક્રમોની ગોઠવણી સૌ. દિવ્યા અજાણી, કુંજલ કિરીટ મોમાયા તથા ચૈતાલી નિર્મલ દંડે કરેલ.

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન યોજાયું



રતિ પદમ દીપ વરાડીયામાં જન્મ, બાળપણથી મિત્રો, ભુતપૂર્વ બેન્ક અધિકારીઓ તથા વરાડીયાના વર્તમાન ટ્રસ્ટીઓની ત્રિપુટી




નુતન અતિથિગૃહના બાધકામની પ્રગતિનો અહેવાલ આપતા શ્રી હેમાન્ગ મોમાયા



સ્વાગત ગીત



ડી. જે. ના તાલ પર ઝુમતા ભાવિકો

કિરીટ ધનજી મોમાયા એ સ્નેહમિલનના મુખ્ય અંશોને મોબાઇલમાં કેદ કરેલ. અંતમાં સર્વે ડી.જે ના તાલ પર મન મુકીને નાચ્યા હતાં.

હોલ બુકિંગ, કેટરીંગ, સાઉન્ડ તથા એલ.ઈ.ડી.વ્યવસ્થા માટે દીપેશ મોમાયા-ભલારા કેટરર્સનો સારો સહકાર મળેલ.

**સાંસ્કૃતિક કાર્યક્રમ-તહેવારોના કલાકારો**

**નવરાત્રી ગ્રુપ :** તારિકા ભૂપેશ મોમાયા, સ્મિતા વિપિન મોમાયા, અલ્પા કલ્પેશ મોમાયા, ભાવિકા અમિત મોમાયા, મીનલ મેહુલ મોમાયા

**પર્યુષણ :** શિલ્પા શશિકાંત દંડ, કલ્પના વિજય નાગડા, દીપાલી દીપક સાયલા, મોનિકા ગિરીશ મોતા, મિતલ ભાવેશ લોડાયા

**ગણેશ ઉત્સવ :** આશા કિરીટ મોમાયા, હીના જીતેન્દ્ર લોડાયા, શીલા રતિલાલ મોમાયા, રેશ્મા ગીતેન મોમાયા, મંજુલા હર્ષવર્ધન મોમાયા

**જન્માષ્ટમી :** કુંજલ પરાગ મોમાયા, ધ્રુવિકા પરાગ મોમાયા, ધ્રુવાંશ પરાગ મોમાયા, વૈશાલી દિપેશ મોમાયા, કાવ્યા દિપેશ મોમાયા

**ઉત્તરાયણ :** વિજલ અભય ડાઘા, ભાવના અતુલ મોતા, ગીતા દૈલેશ મોમાયા, નીતા ગજેશ ડાઘા, અલકા ચેતન ડાઘા.

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું સ્નેહમિલન યોજાયું




ગુજરાતી-હિન્દી ગીત કલાકારોનું શ્રી વિનોદ ડાઘા દ્વારા અભિવાદન




દેરાસરના ટ્રસ્ટીઓ દ્વારા પખાવાજ કલાકારોનું અભિવાદન

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટી ગણ**

**ટ્રસ્ટીઓ/ પદાધિકારીઓ :**

**તિલકચંદ કરમચંદ વિકમશી, હુબલી-મેનેજિંગ ટ્રસ્ટી, પદમ લાલજી લોડાયા, ડોંબિવલી- સેક્રેટરી, રતિલાલ શામજી મોમાયા, સહ સેક્રેટરી-નાહુર, દીપક ગંગાજર ડાઘા, મુલુંડ-ખજાનચી**

**ટ્રસ્ટીઓ :** નલિન રતનશી ડાઘા, થાણા, શરદ હેમરાજ મોમાયા, હુબલી, હેમાન્ગ મણીકાન્ત મોમાયા, હૈદરાબાદ, ધિરીશ જયંતીલાલ મોમાયા, બેંગ્લોર, ગૌરવ ભરત દંડ, મલકાપુર, નિલેશ સોમચંદ મોમાયા, વડોદરા, કલ્પેશ નિરંજન મોમાયા, મુલુંડ



સાંસ્કૃતિક કાર્યક્રમ-તહેવારોના નિર્ણાયક સૌ. વિરાજ મયુર ધુલ્લા (મુલુંડ)નું અભિવાદન

જય જય શ્રી મોમઈ માઁ

## શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ

(ટ્રસ્ટ રજિ. નંબર એ-૨૩૭૬/કચ્છ)

વરાડીયા, તા.અબડાસા, કચ્છ - ૩૭૦ ૪૯૦

શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા આયોજિત વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં સળંગ ૩૪ મી પહેડીનો લાભ આ વર્ષે **શ્રી પ્રિયંક ગજેશ લીલાધર ડાઘા** પરીવારે લીધો છે.

★ શુભ દિવસ ★

**સં.૨૦૮૨ મહા સુદ ૧૫,**
**રવિવાર, તા.૧લી ફેબ્રુઆરી ૨૦૨૬**

★ સમય ★

**સવારે ૯.૩૦ ક. થી દર્શન, ભક્તિ ભાવના, પહેડી, આરતી, પ્રસાદ**

★ શુભ સ્થળ ★

**શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર, મેહુલ સિનેમા પાસે. મુલુંડ (પ), મુંબઈ-૮૦.**

★ આમંત્રણ ★

વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા વરાડીયા, સુથરી તથા તેરાના સર્વે ડાઘા કુળના ભાવિકોને સહ પરીવાર તથા એમની પરિણિત નિયાણીબેનોને સજોડે અને કચ્છના ગોએરસમા/લુણીના ડાઘા કુળના ભાવિકોને સજોડે પધારવા શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ તથા લાભાર્થી પરીવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

વરાડીયા, સુથરી તથા તેરાના ડાઘા ભાવિકોને વિનંતી કે એમના પરીવારની પરિણિત નિયાણીબેનોને આ પરીપત્રનો મેસેજ ફોરવર્ડ કરી તેમને સજોડે પધારવા આમંત્રણની જાણ કરે.

**પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરવાં નહીં.**

લિ

**નિતીન પદમશી ડાઘા-પ્રમુખ**
**નલિન રતનશી ડાઘા-સેક્રેટરી**
**મા. અરૂણાબેન લીલાધર ચત્રભોજ ડાઘા પરીવાર**
હસ્તે
**પ્રિયંક ગજેશ લીલાધર ડાઘા**
ભાત બજાર, મુંબઈ લાભાર્થી પરીવાર

તા. ૧૪.૦૧.૨૦૨૬

## શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરડીયા

(ટ્રસ્ટ રજિ. નંબર એ-૨૩૭૬/કચ્છ)

વરાડીયા, તા.અબડાસા, કચ્છ - ૩૭૦ ૪૯૦

### નોટીસ

શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયાની **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા.૦૧.૦૨.૨૦૨૬ ના બપોરે ૧.૩૦ કલાકે શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ** મધે મળશે.

### એજન્ડા

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટસ્નું વાંચન અને બહાલી
૨. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષના હિસાબોની રજુઆત અને બહાલી.
૩. મંડળની ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ.
૪. વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓડીટરની નિમણૂક
૫. વર્તમાન ટ્રસ્ટીઓની ૫ વર્ષની મુદત પુરી થતાં નવા (૫ થી ૧૧ સુધી) ટ્રસ્ટીઓની ચુટણી/નિમણૂંક.
૬. સંકુલના સ્થિતિ તથા રીપેરીંગ બાબત ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા બાબત.
૭. સભાના પ્રમુખની સંમતિથી અન્ય બાબતો.

### નોંધ

૧. સામાન્ય સભાનું કોરમ ૯૦ સભ્યો છે. જો સભા શરૂ થવાના સમયે કોરમ પુરૂ ન હશે તો સભા અડધા કલાક માટે મુલત્વી રહેશે અને અડધા કલાક પછી તે જ સ્થળે મળશે. તે સમયે કોરમની જરૂરત નહીં રહે.
૨. ટ્રસ્ટના આ વર્ષના હિસાબો તપાસવા માટે મંડળ ના ખજાનચી શ્રી દીપકભાઈ ડાઘાના નિવાસ સ્થાને (એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, એલ બી એસ માર્ગ, મુલુંડ-૫) એક દિવસ મંગલવાર, તા. ૨૭.૦૧.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ ક થી ૬.૦૦ ક. સુધી ખુલ્લા રહેશે. (ફોન કરી આવવા વિનંતી છે ૮૯૭૬૦૧૭૮૩૦).
૩. અન્ય કોઈ પણ જાણકારી માટે અથવા કોઈ સવાલ હોય તો ટ્રસ્ટના ઉપરનાં સરનામે લેખિતમાં અથવા ઈમેલ- daghamomaima@gmail.com પર મિટિંગ તારીખ થી ૪ દિવસ અગાઉ મોકલવા વિનંતી છે.
૪. વર્તમાન ટ્રસ્ટીઓની મુદત પુરી થાય છે. ટ્રસ્ટી પદ માટે નવા નામ આવકાર્યટ છે. ઈચ્છુક સભ્યો એ પોતાના નામ નલિનભાઈ ડાઘા, સેક્રેટરીને મોકલી આપવા વિનંતી.

લી.

**નલિન રતનશી ડાઘા (સેક્રેટરી)**

તા. ૧૪.૦૧.૨૦૨૬

# નલિયા ખોના કુળ ગૌત્રના શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રીજી પીરબાપાનો પ્રથમ સમૂહ નૈવેદ્ય પ્રસાદ ભવ્ય રીતે સંપન્ન થયો



તા.૨૮ ડિસેમ્બર રવિવારના ડોંબિવલી ઈસ્ટના હોરાઈઝન હૉલ સ્થળે નલિયા ખોના ફળિયામાં બિરાજમાન ખોના કુળ ગૌત્રના શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રીજી પીર બાપાને પ્રથમ સમૂહ નૈવેદ્ય પ્રસાદનો પવિત્ર પ્રસંગ આયોજન ભવ્ય ઉલ્લાસ અને ધર્મ ભક્તિ ભાવ પૂર્વક સાનંદ સંપન્ન થયો.

સવારે ઢોલ-નગારા સાથે માતાજી અને પીર બાપાના ભવ્ય સામૈયાથી શરૂ થયેલો આ ઉત્સવ પૂજન વિધિ અને શ્રીમતી સરિતાબેન દંડના મધુર ભક્તિ સંગીતની સાથે આગળ વધયો. ઉપસ્થિત સૌ ભાવિકો ભક્તિ રસમાં તરબોળ થઈ ગરબે ઘૂમ્યા હતા. બપોરે ૨૨૫ જેટલા જ્ઞાતિ ભાઈ-બહેનોએ એક સાથે મહાઆરતી અને મહાપ્રસાદનો ધન્ય લાભ લીધો હતો. ધર્મ આરાધના અને ભક્તિ ભાવને લીધે સમગ્ર માહોલ આસ્થામય, આત્મીય અને કૌટુંબિક બની ગયું હતું.

આ પ્રસંગે આયોજકો દ્વારા આગામી સમૂહ યાત્રા અંગે ખાસ જાહેરાત કરી સુંદર પ્રસ્તાવ સૌ સમક્ષ મૂકવામાં આવ્યો છે. આગામી આસો સુદ આઠમના રોજે માદરે વતન નલિયાના ખોના ફળિયા મુકામે યોજાનારી પહેડી માટે સંઘ લઈ જવાનું આયોજન નિર્ધારિલ છે. આ યાત્રા માટે મુંબઈથી મુંબઈ સુધીની તમામ વ્યવસ્થા આયોજકો સંભાળશે. દરેક કુટુંબમાંથી ઓછામાં ઓછા એક વ્યક્તિ આ યાત્રામાં જોડાય એવી ખાસ વિનંતી છે. આયોજન બાબતની રૂપરેખા વોટસએપ મેસેજ દ્વારા સૌને જણાવવામાં આવશે.

સમૂહ નૈવેદ્ય પ્રસાદનો પ્રથમ પ્રસંગનો કાર્યક્રમ ખૂબજ શિસ્ત બધ્ધ રીતે સંપન્ન થયો અને સૌ ભાવિકો માતાજી અને પીર બાપાના આશીર્વાદ લઈ ધન્ય લાભ સાથે તૃપ્ત મને વિખરાયા હતા. નલિયા ખોના ફળિયામાં બિરાજમાન કુળદેવી માતાજી અને પીર બાપાના આશીર્વાદ સૌની ઉપર સદૈવ બન્યા એ અંતરમનથી પ્રાર્થના.

KDO

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**મેડિકલ સમિતિ**



**માતુશ્રી કસ્તુરીબાઈ વિસનજી ઘરમશી**



**માતુશ્રી રતનબાઈ નરશી ઘરમશી**

કચ્છ સુથરી, હાલ મુલુન્ડ, મુંબઈ

**પૂજ્ય વડીલોની પુણ્ય સ્મૃતિમાં જીવદયા અને સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ ઘરમશી પરિવાર**

## HD Fire Protect Ltd.

**શ્રી સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત સંજીવની સ્કિમ માટે**

# રૂપિયા 5,00,000 ની

**રકમ ફાળવવામાં આવી છે.**

# સંજીવની એમરલ્ડ પેટ્રોન

## Anumodana

| Sanjivani Case - 213 | | |
|---|---|---|
| Name:Mrs. Shilpa Girish Nagda | Age : 54 Yrs. | Village: Naliya - Gadag |

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 1,00,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Gnati Mahajan, Gadag | 1,00,000.00 |
| Shree KDO Jain (Naliyawasi) Mumbai Charitable Trust | 51,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Naliya | 25,000.00 |
| Sethshri Narshi Natha Charity Trust Fund, Mumbai-Naliya-Palitana | 25,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 7,500.00 |
| Shree KDO Jain Sangh Pune (H: Committee Members) | 7,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher … A Silent Donor | 2,35,000.00 |
| Shri Rupesh Motichand Lalji Khona, Naliya - Mulund | 30,000.00 |
| Shri Darshan Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 25,000.00 |
| Shri Shantilal Khimji Nagda(H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona, Naliya - Ghatkopar | 10,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 10,000.00 |
| Shri Manish Pravin Momaya, Varadiya - Coimbatore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 7,500.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 5,000.00 |
| Shri Pujan Bharat Chheda, Gadag | 5,000.00 |
| Shrimati Chitra Padam Lodaya, Gadag | 5,000.00 |
| Shrimati Leelavanti Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 5,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 5,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 2,000.00 |
| Shri Narendra P. Lodaya | 2,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 2,000.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Ratilal Shamji Shah (Lodaya), Varadiya - Bhandup | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Darshana Bharat Dagha, Bangalore | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah(Lodaya), Raichur | 1,000.00 |
| Shri Deepak K. Dharamshi | 1,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 1,000.00 |
| Shri Surendra Laxmichand Lodaya, Varapadhar - Chalisgaon | 999.00 |
| Shri Monil Momaya | 500.00 |
| Previous Case No. 211 Balance | 3,000.00 |
| Previous Case No. 212 Balance | 1,20,401.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# કિંગ્ઝ સર્કલ સ્થળે કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ

શનિવાર, તા.૨૪ જાન્યુઆરી સવારે ૧૦ થી ૪ દરમ્યાન ૨૩એ મેઘ મહેલ, ગ્રાઉન્ડ ફ્લોર,કિંગ્ઝ સર્કલ, માટુંગા (પૂર્વ), સે.રે. સ્થળે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત આયોજિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર પોતાની સેવા પ્રદાન કરશે.

લાભ લેવા ઈચ્છુક એ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન માટે સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩

# શ્રી સાંધવ સંઘનો યાદગાર કર્ણાટક પ્રવાસ થયો

શ્રી સાંધવ સંઘ દ્વારા કર્ણાટક પ્રવાસનું ભવ્ય આયોજન કરાયું. પ્રથમ દિવસ તા.૧૪ જાન્યુઆરીના બીજાપુર નગરમાં રાતે ૧૧.૩૦ કલાકે પહોંચી રાત રોકાણ કર્યું. તા.૧૫ જાન્યુઆરીના બીજા દિવસે સવારના શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની સેવા પૂજા ભક્તિભાવ પૂર્વક કરી ધર્મ લાભ લીધો. સામૂહિક અષ્ટપ્રકારી પૂજા, ચૈત્યવંદન કર્યા. ત્યારબાદ બીજાપુરના જોવા લાયક સ્થળોની મુલાકાત લીધી. ત્યાંની જોવાની પ્રવેશ પત્રિકા ટિકીટનો લાભ બીજાપુરના એક પરિવારે લીધેલ. ગોળ ગુંબજ જેનો વિશ્વની સાત અજાયબીમાં સમાવેશ કરાયેલ છે. તેની નિરીક્ષણ મુલાકાત લીધી સૌ તાજુબ થઈ ગયા. નવકારશી તથા ભોજનની સાધર્મિક ભક્તિ શાહ ડોસાભાઈ વિશનજી ધરમશી કોઠારા પરિવારે લીધેલ.

શીંગ ચટણી ૫૦૦ ગ્રામ, શીંગની પુરણપોળી એક સદ્‌ગૃહસ્થ પરિવાર એ પ્રભાવના કરેલ. રૂા.૨૦ કચ્છ જૈન સમાજ તરફથી તથા રૂા.૫૦ કમલાબેન કાંતિલાલ ધરમશી કોઠારાએ પ્રભાવના કરેલ.

બીજાપુર સંઘના ધીરીશ ધરમશી, ગિરીશભાઈ ધરમશી, અલ્પાબેન હિરેનભાઈ, નીલમબેન, નમ્રતાબેન, પરેશભાઈ ગાલા, અજય ધરમશી, ભાવિનભાઈ જીવાણી એ સર્વે સાથે રહી એવા આપેલ. સૌની આગતા સ્વાગતા કરેલ. સંઘના પ્રેસિડન્ટ પ્રફુલ્લભાઈ ગોગરી તથા ટ્રસ્ટીગણ કમિટીના પદાધિકારીઓ સર્વે હાજર હતા. સાંધવ સંઘ દ્વારા બીજાપુર સંઘની અનુમોદના કરાઈ. ત્યારબાદ બીજાપુરથી જામ ખંડી તરફ પ્રવાસ આગળ વધાર્યો.

# બડગરા સંઘના ગૃહજિનાલયને ૨૫ વર્ષ પૂર્ણ થયા

બડગરા એટલે એક નાનકડું ગામ જે કેરાલા રાજ્યમાં કલિકટની બાજુમાં આવ્યું છે. અત્રે ક.દ.ઓ.ના ૯ જૈન પરિવારો સુખ શાંતિ અને સંપીને રહે છે.

૨૫ વર્ષ પહેલા સર્વ ભાગ્યશાળીઓની અને તેમાં શેઠ શ્રી જીવરાજ વેરશી પોલડીયાની અનન્ય ઈચ્છા હતી કે મારા જીવતે જીવ અહીં દેરાસર બનવું જોઈએ.

દેવગુરૂની કૃપાથી, નરેન્દ્રભાઈ નંદુ જેઓ શ્રી સિધ્ધચક્રની આરાધના કરતા કરતાં, નવકાર મંત્ર થતા થતા એક સિધ્ધ પુરૂષ છે, તેઓનો સાથ સહકાર મળ્યો અને શ્રી વિમલનાથ દાદાનું ગૃહ જિનાલયનું નિર્માણ થયું. શ્રેષ્ઠીવર્યોનો સાથ સહકાર મળ્યો અને આજે આ ગૃહજિનાલયને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે.

શ્રીમાન જીવરાજભાઈના પરિવારની ઈચ્છા થઈ કે આપણે બડગરામાં રહેતાં આપણા જ્ઞાતિજનો અને જૈનેતર પરિવારોને પણ શત્રુંજય તીર્થની યાત્રા કરાવી તેમને પણ ભવ્યત્વની છાપ લગાડીએ અને પરિવારે સ્વદ્રવ્યથી દાદાની જાત્રા ઠાઠમાઠથી સુખરૂપ કરાવી.

કહેવાય છે કે આપણે તો નિમિત્ત માત્ર છીએ. પરમાત્માની કરૂણાથી જ કાર્યો થતા હોય છે. 'તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે'

બડગરા સંઘ તરફથી અને અમારા પરિવાર તરફથી પરિવારની ખૂબ ખૂબ અનુમોદના. તેમણે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી.

– સંગીતા વસંત પોલડીયા (બડગરા)

## Anumodana

| Sanjivani Case - 214 | |
|---|---|
| Name:Mrs. Nehal Manish Chheda    Age : 42 Yrs.    Village: Naliya - Parbhani | |
| **Individual Donors** | |
| Previous Case No. 212 Balance | 35,100.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

| Sanjivani Case - 215 | |
|---|---|
| Name:Mrs. Vandana Kiran Nagda    Age : 54 Yrs.    Village:Kothara - Ahmedanagar | |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,000.00 |
| **Individual Patron** | |
| Previous Case No. 212 Balance | 6,500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી મહાવીર પ્રભુ જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિ રાયપુરના અધ્યક્ષ પદે ચંદ્રેશ છેડાની વરણી થઈ



શ્રી સકલ જૈન સમાજ રાયપુર (શ્વેતાંબર, દિગંબર, તેરાપંથ, સ્થાનકવાસી) દ્વારા દર વર્ષે મુજબ આ વર્ષે શ્રી મહાવીર પ્રભુ જન્મકલ્યાણ મહોત્સવ સમિતિનું ગઠન કરાયું. જેના નિર્વિરોધ અધ્યક્ષ તરીકે ચંદ્રેશ વીરચંદ શાહ-છેડાની પસંદગી કરાઈ. રાયપુર નગરમાં આ અવસરે ૧૬ દિવસીય કાર્યક્રમ આ સમિતિ દ્વારા ભવ્ય ઉત્સાહ સાથે યોજાય છે. અન્ય કાર્યકારિણી પદાધિકારીઓમાં કાર્યકારી અધ્યક્ષ હેમંત વૈદ, મહાસચિવ તરીકે ગોલ્ડી બુનિયા, સચિવ આનંદ જૈન તથા કોષાધ્યક્ષ પદે વિકાસ શેઠિયાની વરણી કરાઈ.

## પ.પૂ.સાધ્વીશ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૨મા વર્ષમાં પ્રવેશ કર્યો



હાલાર પ્રાંતના ભરૂડીયા ગામના માવિત્ર ટીનાબેન અનિલ ધરમશીના ધર્મ ભક્તિના રંગે રંગાયેલ પુત્રી વિક્રમ સંવત ૨૦૬૧ની મહાસુદ ૨ તિથિ દિને સંયમ જીવન સ્વીકારવાના દ્રઢ નિશ્ચય સાથે મુંબઈના જોગેશ્વરી ઉપનગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથ પરનો પ્રવાસ પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, આરાધના, વ્યાખ્યાન દ્વારા ભાવિકજનોને આત્મકલ્યાણ માર્ગે દોરતા સમજણ આપતા સંયમ જીવનના બે દાયકાથી ઉપરાંત એક વર્ષ પાર કરી એકવીસ વર્ષ પૂર્ણ કરી વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદની ૨ તિથિ દિને ૨૨મા વર્ષમાં મંગલમય પ્રવેશ કર્યો છે.

આ સપરમા દિને ગુરૂભક્તોની શુભ કામના-ભાવના છે કે સાહેબજી અવિરત આગળ વધતા રહી. રજત, સુવર્ણ, હીરક ને અમૃત વર્ષ વળોટી સર્વોચ્ચ સિદ્ધિ એવા શતક વર્ષના શિખરે બિરાજે. શત શત વંદન સાહેબજીને.

## Anumodana

### Sanjivani Case - 216

**Name : Mrs. Tammanaben Vijay Shial** **Age : 52 Yrs.** **Kutchh: Daltungi - Rajkot**

| | |
|---|---|
| **Urenium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur-Coimbatore (H: Rahul & Aarti, Sandeep & Deborah) | 2,000.00 |
| Master Vihaan Pratik Dand (H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai) | 2,000.00 |
| Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Fund Trust | 2,000.00 |
| Ek Sadgrahasth | 2,000.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 500.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 500.00 |
| **Gold Patron** | |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 1,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,500.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,500.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 1,500.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 1,500.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 1,500.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,000.00 |
| **Silver Patron** | |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,500.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,500.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,500.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,500.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,500.00 |
| **Genral Sanjivani Patron** | |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Shobha Lalit Nagda ) | 1,500.00 |
| Shri Hitesh Laxmichand Soni | 1,100.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.00 ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. 0૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.00 ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી 0૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.0૩ કલાકે થી. |
| તા. 0૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.0૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**પ્રતાપશી છેડા**
તા.૧૧ જાન્યુઆરી (ઉ.૮૫)
તેરા–મુંબઈ



**વાસંતીબેન લોડાયા**
તા.૧૨ જાન્યુઆરી (ઉ.૭૭)
સાંયરા–ઘાટકોપર




**લક્ષ્મીબેન નાગડા**
તા.૧૩ જાન્યુઆરી (ઉ.૮૧)
ગદગ–જખૌ



**શાંતાબેન લાલકા**
તા.૧૩ જાન્યુઆરી (ઉ.૬૬)
વારાપધર–હુબલી



**ગુલાબભાઈ નાગડા**
તા.૧૭ જાન્યુઆરી (ઉ.૭૫)
નલિયા–હુબલી



**નિતાબેન લોડાયા**
તા.૧૭ જાન્યુઆરી (ઉ.૬૬)
કોઠારા–હૈદ્રાબાદ





**મહેન્દ્રભાઈ મોતા**
તા.૧૭ જાન્યુઆરી (ઉ.૬૮)
તેરા–નલિયા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● નાની વયે રાજ્યના નાયબ મુખ્યમંત્રી બન્યા પછી પહેલી વખત હર્ષભાઈ સંઘવી કચ્છની મુલાકાતે પધાર્યા ગૃહવિભાગનો હવાલો તેમની હસ્તક હોવાથી કચ્છ સીમાના ગામોમાં ૩૦ વરિષ્ઠ આઈપીએસ અધિકારી સાથે સંવાદ કરવા તેઓ રેલ માર્ગે ભુજ પહોંચ્યા હતા. ભુજમાં ભાજપ પક્ષના આગેવાનોને મળ્યા બાદ માતાના મઢ, લખપતના ગુરૂદ્વારામાં શીશ નમાવી પાકિસ્તાન નજીકના ગામ પુનરાજપુર પહોંચી ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે નારાયણ સરોવર અને કોટેશ્વરના પણ દર્શન કર્યા હતા.

● ભુજ નલિયા ગેજ રૂપાંતરનો પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જખૌ પોર્ટ સુધી ૨૮.૮૮ કિ.મી.ની નવી બ્રોડગેજ લાઈન નાખવાની કામગીરી ૪૦૦ કરોડના ખર્ચે ચાલી રહી છે. આ પ્રોજેક્ટથી રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે કચ્છ જિલ્લાના દૂરના વિસ્તારોને સિમલેસ બ્રોડગેજ કનેક્ટિવિટી મળશે. કચ્છ જિલ્લાના પોર્ટ દ્વારા નિકાસ અને આયાતને પ્રોત્સાહન મળશે. આ ક્ષેત્રમાં સિમેન્ટ ઉદ્યોગને નોંધપાત્ર ફાયદો થશે. જેનાથી મીઠું ખનિજો અન્ય કાચા માલના કાર્યક્ષમ પરિવહનને સુવિધા મળશે. તે ઉપરાંત ભુજ નલિયા રેલવે લાઈનને વાયોર સુધી ૨૬.૫૫ કિલો મીટરની સુધી લંબાવવાની કામગીરી પણ પ્રગતિમાં થઈ રહી છે. આ પ્રકલ્પ પૂરો થયા બાદ દેશની સેનાને સરહદી વિસ્તારમાં પહોંચવામાં અને માલ સામાનના પરિવહનમાં સુવિધા મળશે.

● ઈ.સ.૧૮૧૯ વિક્રમ સંવત ૧૮૭૫ ના વર્ષમાં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપથી કચ્છ પાયમાલ થયું હતું. હજારોના જીવ ગયા હતા અને મિલકતને પણ પારાવાર નુકસાન થયું. એ સમયે ઘટનાક્રમમાં ક્ષતિગ્રસ્ત થયેલા કચ્છના ઐતિહાસિક નગર અંજારના કિલ્લાનો જીર્ણોધ્ધાર ઈ.સ.૧૮૨૬માં આજથી ૨૦૦ વર્ષ અગાઉ મહારાવ દેશળજીના સમયમાં કરાયો હતો. આ જીર્ણોધ્ધારનો ઉલ્લેખ ધરાવતો શિલાલેખ અંજાર શહેરના બગીચામાં ચણી દેવાયો છે. તેના પર ઓઈલ પેન્ટ લગાવી તેની અસલીયતને નુકસાન કરાયું છે. આ શિલાલેખ વધારે ખરાબ થાય તે પહેલાં અને નષ્ટ થાય તે પહેલાં તેને સુરક્ષિત રીતે ભુજના કચ્છ સંગ્રહાલયમાં ખસેડવો જરૂરી હોવાનું ઈતિહાસ સંશોધક નરેશ અંતાણીએ જણાવ્યું છે.

● વિશ્વના સૌથી મોટા નમકના રેગિસ્તાન વચ્ચે દર વર્ષે યોજાતો કચ્છ રણોત્સવ ઉત્તરોત્તર આકર્ષણ રૂપ બની રહ્યો છે. મહોત્સવને માણવા આવતા મહેમાનોના માન સન્માન માટે પ્રવાસન નિગમ દ્વારા નિર્માણ થતી તંબુ નગરીએ ઉત્તરોત્તર સફળતા મેળવી આકર્ષણ જમાવ્યું છે. દર વર્ષે વધતી પર્યટકોની ભારે સંખ્યાને લઈ હાલની તંબુનગરી ટૂંકી બને છે. આગામી વર્ષથી શ્વેત રણની વધુ નજીક વિશાળ રણ વિસ્તાર વચ્ચે ૧૩૦૦ મીટર લંબાઈ અને ૬૦૦ મીટર પહોળાઈના વિસ્તાર વચ્ચે ચાર બ્લોકમાં ૧૬૦૦ તંબુઓ તણાશે. હાલે બાવન કરોડના ખર્ચે તંબુનગરોને સાંકળતા રિંગ રોડ અને આંતરિક રોડના કામો પૂર્ણતાને આરે છે. વી.વી.આઈ.પી.અતિથિઓ માટે અલાયદા ઊભા થનાર ખાસ રજવાડી અને દરબારી તંબુઓનું નિર્માણ થયા પછી મહાતંબુ નગરીની આસપાસ વોક-વેની પણ ખાસ સુવિધા ઊભી કરવામાં આવશે. જેને લઈને પ્રવાસીઓ રણ વચાળે વોક કરતાં કરતાં સૂર્યોદય અને સૂર્યાસ્તના અદ્‌ભૂત કુદરતી દૃશ્યો માણી શકશે. તંબુઓની શૃંખલા વચ્ચે કચ્છી સંસ્કૃતિની ઝલક, સ્વાદિષ્ટ ભોજન, મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પાર્કિંગ, વાઈફાઈ, ગતિવિધિ કેન્દ્ર કક્ષ, બાળકો માટે ખેલક્ષેત્ર, રેસ્ટોરેન્ટ, સંમેલન કક્ષ ઊભા કરાશે.

● આદિપુર કામધેનુ ટ્રસ્ટ દ્વારા ગૌવંશને સુવિધાઓ પૂરી પાડવા બિટ્ટા વલાડિયામાં ગૌશાળા બનાવવા માટે પાંચ એકર જમીન ખરીદી છે. હાલે આ ટ્રસ્ટ આદિપુરમાં ૨૨૦૦ ગાયની સેવા, સારવાર માટે સંરક્ષણ પૂરું પાડે છે. બિટ્ટા વલાડિયા ગૌશાળામાં દાતાઓના સહયોગથી પાંચ હજાર ફૂટનું ગોડાઉન, ૧૨૦૦ ફૂટનું આઈસીયુ, ૧૨૦૦ ફૂટના બે શેડ, એક સાત હજાર ફૂટનો શેડ તેમજ ફેન્સિંગનું કામ ઉપરાંત છ સ્ટાફ રૂમ, ૧૫ લાખ લિટરની ટેન્ક, પાંચ અવાડાનું નિર્માણ કાર્ય કરાયું છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank